## દેલવાડામાં ત્રણ દિવસમાં બીજો દીપડો પાંજરે પુરાયો



વાલોડ: વાલોડ તાલુકામાં દીપડાઓને ફાવટ આવી ગઈ છે. અવારનવાર આ વિસ્તારમાં દીપડાઓ નજરે પડી રહ્યા છે અને પાલતુ પશુઓનો શિકાર કરી રહ્યા છે. ગતરોજ બુટવાડા ગામે દીપડાએ એક વ્યક્તિ ઉપર હુમલો કર્યો હતો. બેથી ત્રણ દિવસ અગાઉ જ દેલવાડા ગામે દીપડો પાંજરે પુરાયો હતો. જે વાતને હજુ માંડ બેથી ત્રણ દિવસ થયા છે. સ્થાનિકોના કહેવાથી વનવિભાગ દ્વારા દેલવાડા નજીક આવેલ નાઇકીવાડ ફળિયામાં પાંજરું ગોઠવવામાં આવ્યું હતું, જેમાં શુક્રવારે વહેલી સવારે મારણ ખાવાની લાલચે એક કદાવર દીપડો પાંજરે પુરાયો હતો. જે અંગેની જાણ સ્થાનિકોને થતાં લોક ટોળું એકત્ર થયું હતું. ઘટના અંગે જિલ્લા પંચાયત સભ્ય અતુલભાઈ બલ્લુભાઈ પટેલ દ્વારા વનવિભાગને જાણ કરવામાં આવતાં તેઓએ તુરંત ઘટના સ્થળે આવી દીપડાનો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. હજુ પણ આ વિસ્તારમાં બેથી વધુ દીપડાઓની અવરજવર હોય રાત્રિ દરમિયાન સ્થાનિકોએ બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે.

# વિરપોરમાં કચરો નાંખવા મુદ્દે ડે. સરપંચને ગ્રા.પં.માં જઈ ફટકાર્યો

**પંચાયત** ઓફિસમાં ઘૂસી હુમલો કરનાર ધર્મેશ પટેલ વિરુદ્ધ પોલીસ ફરિયાદ

વાલોડ: વાલોડના વિરપોર ગામના ડે.સરપંચને કચરા નાંખવા મુદ્દે ગામના એક વ્યક્તિએ માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ચકચાર મચી ગઈ છે. ગામમાં રહેતા શખ્સે કચરો કલેક્શન કરતાં ટેમ્પોના ડ્રાઈવરને કચરો સરકારી જગ્યામાં નાંખવા જતાં અટકાવ્યો હતો. ત્યારબાદ આ શખ્સે પંચાયત પર જઈ ડે. સરપંચ સાથે ઝઘડો અને મારામારી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ વાલોડના વિરપોર ગામે સરદાર ફળિયામાં રહેતા ચંપકભાઈ રામુભાઈ પટેલ કે જેઓ છેલ્લાં 15 વર્ષથી ગામમાં ડે.સરપંચ તરીકે સેવા આપી રહ્યા છે. શુક્રવારે સવારે તેઓ ખેતરે હાજર હતા. ગામમાં સ્વચ્છતા અભિયાન હેઠળ ડોર ટુ ડોર કચરા ઉપાડતાં ટેમ્પોના ડ્રાઈવર ધર્મેશભાઈ બલ્લુભાઈ ચૌધરી (રહે.,વિરપોર ગામ, ચૌધરી ફળિયું)ને ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે આપણા જ ગામમાં ભંડારીવાડ ફળિયામાં રહેતા ધર્મેશભાઈ નારણભાઈ પટેલે સરકારી જમીનમાં કચરો ખાલી કરવા જતાં અટકાવ્યા હતા. જેથી ડે. સરપંચે થોડીવાર બાદ ડ્રાઈવર ધર્મેશ ચૌધરીને સરકારી જમીનમાં કચરો નાંખવાનું કહેતાં તે કચરો ખાલી કરવા માટે ગયા હતા. ત્યારે ફરી ધર્મેશ નારણ પટેલ હાથમાં કુહાડી લઈ દોડી આવ્યો હતો. અને કહેવા લાગ્યો હતો કે, આ રસ્તો અમારો છે. તમે કેમ અહીં આવો છો તેમ કહી ધમકી આપવા લાગતાં ડ્રાઈવરે જણાવ્યું હતું કે, ડે. સરપંચે કીધું છે. એટલે અમે કચરો નાંખવા આવ્યા છીએ. ત્યારબાદ આ ધર્મેશ પટેલ પંચાયત ઓફિસ ખાતે પહોંચ્યો હતો અને ત્યાં કુહાડી લઈ દોડી આવી ડે.સરપંચ સાથે ઉગ્ર બોલાચાલી કરી તેને માર મારતાં ઈજા પહોંચી હતી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

ચંપકભાઈને ઈજા પહોંચતાં વાલોડ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે વાલોડ પોલીસે ફરિયાદ લઈ ધર્મેશ પટેલ વિરુદ્ધ ગુનો નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉચ્છલના આમકુટી પાસે ડમ્પર નીચે આવી જતાં આધેડનું મોત

વ્યારા: ઉચ્છલના આમકુટી ગામે ઉચ્છલ-નિઝર સ્ટેટ હાઈવે પર પગપાળા જતાં આધેડને ડમ્પરે કચડી નાંખ્યો હતો. ગત બુધવારે બપોરે બેફામ રીતે દોડતા હાઈવા ડમ્પરે આમકુટી ગામે મંદિર ફળિયામાં રહેતા ૫૬ વર્ષીય નારસિંગભાઈ બાબુભાઈ વસાવાને કચડી નાંખતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. માથાના ભાગે હાઈવાનું ટાયર ચઢી જતાં લોહીલુહાણ હાલતમાં મોત થતા પંથકમાં અરેરાટી ફેલાઈ હતી. પોલીસે હાઈવા ડમ્પર નં.(GJ 26 U 6210) ચાલક સુનવેલ મીરાભાઈ ગામીત (રહે.,જામખડી, તા.સોનગઢ, જિ.તાપી ) સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

### કરજણ નજીક એક્સપ્રેસ હાઈવે પર કન્ટેનરના ચાલકનું હાર્ટ એટેકથી મોત

કામરેજ: રાજસ્થાનના રાજસમદ જિલ્લાના અજિતગઢભીમ ખાતે રહેતા અને ડ્રાઇવર તરીકે નોકરી કરતાં વિક્રમસિંહ દાઉસીંહ રાવત (ઉં.વ.35) એમ.આર.એસ. ટ્રાન્સપોર્ટના કન્ટેનર (નં. ડીડી 01 વાય 9805) લઈ મહારાષ્ટ્રના ભીવંડી જઈ રહ્યો હતો ત્યારે કામરેજના કરજણ ગામ નજીક હોટલ પર ઊંઘી ગયો હતો. ભારતમાલા એક્સપ્રેસ હાઈવે પર કરજણ નજીક અચાનક છાતીમાં દુખાવો થતાં મોત નીપજ્યું હતું. જે અંગે કામરેજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુતપાસ હાથ ધરી છે.

### સાયણમાં શ્રમિક યુવકનો આપઘાત

સાયણ: ઓલપાડના સાયણ ટાઉનની આદર્શનગર-3 સોસાયટીમાં રહેતા અને સંચા મશીન પર કામ કરતા ૨૭ વર્ષીય યુવક પબીત્રા મોનુ પરીડાએ ગત ગુરુવારે અગમ્ય કારણોસર પંખા સાથે દોરી બાંધી આત્મહત્યા કરી હતી. મૂળ ઓરિસ્સાનો વતની પબીત્રા તેના રૂમમાં એકલો હતો ત્યારે આ પગલું ભર્યું હતું. તેની સાથે રહેતા મિત્રએ જાણ કરતાં ઓલપાડ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વાંકલના યુવા કલાકારની સિદ્ધિ


વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળના વાંકલ ગામના યુવા કલાકાર ફોરમ ચૌધરીની પસંદગી રાષ્ટ્રીય સાંસ્કૃતિક પહેલ “વન સ્ટેટ વન આર્ટિસ્ટ (OSOA)” માટે કરવામાં આવી હતી, જ્યાં તેમણે હિમાચલ પ્રદેશમાં આયોજિત રાષ્ટ્રીય મંચ પર આદિવાસીની સુપ્રસિદ્ધ વારલી કળાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ૧ થી ૯ મે ૨૦૨૬ દરમિયાન નશાલા, હિમાચલ પ્રદેશ ખાતે આયોજિત આ વિશેષ પહેલમાં દેશભરના વિવિધ રાજ્યોમાંથી પસંદ કરાયેલા ૩૮ યુવા લોક અને પરંપરાગત કલાકારોએ ભાગ લીધો હતો. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતની પરંપરાગત અને લોકકળાના વારસાને જાળવી રાખવાની સાથે યુવાનોને રાષ્ટ્રીય સ્તરે પોતાની કળા પ્રદર્શિત કરવાની તક પૂરી પાડવાનો હતો. ફોરમ ચૌધરીએ આદિવાસીની સાંસ્કૃતિક ઓળખ ગણાતી વારલી કળાને રાષ્ટ્રીય મંચ પર રજૂ કરી ગુજરાતની સમૃદ્ધ કળા પરંપરાને દેશભરના કલાકારો અને પ્રેક્ષકો સુધી પહોંચાડી હતી.

# કુડસદમાં રેલવે ઓવરબ્રિજ નજીક કાર ખેતરમાં પલટી

**ચાલકે** સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં અકસ્માત સર્જાયો, બે યુવકનો બચાવ


કિરણ ઢોડિયા

કીમ: ઓલપાડના કુડસદ ગામ નજીક શુક્રવારે અકસ્માત થયો હતો. કુડસદ-કારેલી રોડ પર આવેલા રેલવે ઓવરબ્રિજ પાસે કાર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર રોડ પરથી ઊતરી સીધી બાજુના ખેતરમાં પલટી મારી ગઈ હતી. ભારે જહેમત બાદ કારને ખેતરમાંથી બહાર કાઢવામાં આવી હતી. મળતી માહિતી મુજબ કારમાં બે યુવક સવાર હતા અને તેઓ કુડસદ ગામ તરફ જઈ રહ્યા હતા. ઓવરબ્રિજ નીચે પસાર થતાં સમયે અચાનક કારનું નિયંત્રણ ગુમાવતાં કાર રોડ પરથી નીચે ઊતરી ખેતરમાં જઈ પલટી મારી હતી. ઘટનાના સમયે ખેતરમાં સિંચાઈ માટે પાણી પિયત કરાયું હોવાથી જમીન ભીની અને કાદવભરી હતી. જેના કારણે કાર ખેતરમાં ઊંડે સુધી ખૂંચી ગઈ હતી. અકસ્માત બાદ સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને કારમાં ફસાયેલા બંને યુવકને સલામત બહાર કાઢ્યા હતા. સદનસીબે સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી અને બંને યુવકોનો આબાદ બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે. જો કે, અકસ્માતમાં કારને ભારે નુકસાન પહોંચ્યું હતું. કારને બહાર કાઢવા માટે શરૂઆતમાં સ્થાનિક લોકોએ ભારે પ્રયાસો કર્યા હતા, પરંતુ કાદવમાં કાર વધુ ખૂંચી જતાં સફળતા મળી નહોતી. અંતે અન્ય વાહનની મદદથી દોરડાં બાંધી કારને ખેંચી બહાર કાઢવામાં સફળતા મળી હતી.

# માંડવીમાં કતલખાને લઈ જવાતી 17 ભેંસ ભરેલી ટ્રક ઝડપાઈ

**ડ્રાઈવર** અને ક્લીનરની ધરપકડ, 9 લાખનો મુદ્દામાલ જપ્ત


હિતેશ પટેલ

માંડવી: માંડવી તાલુકામાં પશુઓના ગેરકાયદે અને ક્રૂરતાપૂર્વક થતા પરિવહન સામે પોલીસે લાલ આંખ કરી હતી. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી એક ટાટા ટ્રક ઝડપી પાડી હતી, જેમાંથી દયનીય હાલતમાં બાંધેલી 17 ભેંસ મળી આવી હતી. પોલીસે ડ્રાઈવર અને ક્લીનરની ધરપકડ કરી કુલ 9 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

માંડવી પોલીસને ઝંખવાવ તરફથી એક ટ્રકમાં પશુઓને ખીચોખીચ ભરીને નિર્દયતાપૂર્વક વ્યારા તરફ લઈ જવાના હોવાની બાતમીના આધારે પોલીસે માંડવી અંબાજી નાકા પાસે વોચ ગોઠવી હતી. તપાસ દરમિયાન ત્યાંથી પસાર થતી શંકાસ્પદ ટાટા ટ્રક નં.(GJ -19-Z-9749) ને અટકાવી તપાસ કરતાં 17 ભેંસને ટૂંકા દોરડા વડે ગળાના ભાગે ટૂંપા આવે તે રીતે ક્રૂરતાપૂર્વક બાંધ્યા હતા. આ પશુઓ માટે ઘાસચારો, પાણી કે પૂરતી હવા-ઉજાસની કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી ન હોતી. પ્રાથમિક પૂછપરછમાં કરતાં પશુઓને મહારાષ્ટ્રના ધુલિયા બજારમાં વેચાણ અર્થે લઈ જવામાં આવી રહ્યા હતા. પરંતુ પશુ પરિવહન માટેના જરૂરી પાસ-પરમિટ ન હતી. પોલીસે આ મામલે ટ્રક ચાલક શબ્બીર હુસેન સીરાજ મોહમદ બલોચ (રહે.,સાગબારા, જિ.નર્મદા) અને ક્લીનર ઉમાઇન જહાંગીર મુલતાની (રહે.,ઝંખવાવ, તા.માંગરોળ)ની અટકાયત કરી છે. વધુ તપાસમાં ખૂલ્યું હતું કે આ પશુઓ ઝંખવાવના સલીમ ગુલામ દિવાન નામના વ્યક્તિએ ભરાવી આપ્યા હતા. પોલીસે 17 ભેંસો, ટાટા ટ્રક અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.9 લાખનો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

## બગુમરામાં ટ્રેન અડફેટે ૨૬ વર્ષીય યુવકનું મોત

પલસાણા: પલસાણા પોલીસ સ્ટેશનની હદમાં આવતા બગુમરા ગામની સીમમાં ભુસાવલથી સુરત જતી રેલ્વે ટ્રેકની અડફેટે આવી જતાં એક ૨૬ વર્ષીય શ્રમિક યુવકનું મોત નીપજ્યું હતું. મૂળ ઉત્તર પ્રદેશના રાયબરેલી જિલ્લાના શોભવાપુરના વતની અને હાલ પલસાણાના તાતીથૈયા ગામે પ્રથમ પાર્કમાં રહેતા ૨૬ વર્ષીય અરવિંદકુમાર સત્રુધન કશ્યપ બગુમરા ફ્લેટ પાસે રેલ્વે ટ્રેક નજીકથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન ભુસાવલથી સુરત તરફ જતી ટ્રેન નંબર C00902ની અડફેટે તેઓ આવી ગયા હતા. તેમનો ડાબો હાથ કોણીના ભાગેથી અને બંને પગ ઘૂંટણની નીચેથી કપાઈ ગયા હતા. ગંભીર ઈજાઓ અને ભારે રક્તસ્ત્રાવ થવાના કારણે યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

# નવી ઉકાઈમાં ભાણેજ મામીને પ્રેમી સાથે જોઈ જતાં હંગામો

**લગ્નપ્રસંગેથી** પરત ફરતા ભાણેજે પ્રેમીને બારીમાંથી મામીના ઘરમાં કૂદતો જોયો

**રવિન્દ્રનો** ભાંડો ફૂટતાં વાત અડધી રાતે સમાધાનની આવી, સમાધાનમાં ભાણેજને ફટકાર્યો

સોનગઢ: નવી ઉકાઈ ગામે ગત ૧૨ મેના રોજ ભાણેજ લગ્નમાંથી પરત ફરતો હતો. એ વેળા મામાના ઘરે બારીમાંથી કોઈ પ્રવેશતા જણાયો હતો. ભાણેજે અંદર જઈ જોયું તો મામી અને તેનો પ્રેમી કઢંગી હાલતમાં જણાયા હતા. આથી ઝઘડો થતાં અડધી રાતે વાત સમાધાન સુધી પહોંચી હતી. પરંતુ સમાધાનમાં મામીનો પ્રેમી ઉશ્કેરાઈ ગયો અને ભાણેજને ફટકાર્યો હતો. આ મામલે સ્મીતભાઈ લક્ષ્મણભાઈ ગામીતે ગામના જ રવિન્દ્રભાઈ ગોમાભાઈ ગામીત વિરુદ્ધ ઉકાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મુજબ ૧૨ મેના રોજ રાત્રે આશરે દોઢ વાગ્યાના અરસામાં ફરિયાદી સ્મીતભાઈ લગ્નપ્રસંગેથી પરત ફરી રહ્યા હતા, ત્યારે તેમણે આરોપી રવિન્દ્રભાઈને તેમનાં મામીના ઘરની બારીમાંથી કૂદકો મારીને અંદર પ્રવેશતા જોયા હતા. સ્મીતભાઈએ અંદર જઈ જોતાં રવિન્દ્ર અને તેમનાં મામી વાંધાજનક હાલતમાં મળી આવ્યાં હતાં. દરમિયાન આરોપી રવિન્દ્રભાઈએ સ્મીતભાઈને ધક્કો મારી બારીમાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ રાત્રિના સમયે ગામના વડીલોની હાજરીમાં જ્યારે આ બાબતે વાતચીત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો, ત્યારે આરોપી રવિન્દ્રભાઈએ ઉશ્કેરાઈ જઈ સ્મીતભાઈનો શર્ટનો કોલર પકડી લીધો હતો અને તેમને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. આ ઘટના અંગે પરિવાર સાથે ચર્ચા કર્યા બાદ સ્મીતભાઈએ ૧૪ મેના રોજ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. અને ઉકાઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં ઉકાઈ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.






# બારડોલી ગ્રામ્યમાંથી વીજતાર ચોરી કરનાર બે ભાઈ ઝડપાયા, બે વોન્ટેડ

**ચોરી** માટે કામરેજથી બાઈકની ચોરી કરી હતી, કુલ 6.84 લાખની મતા કબજે



બારડોલી: બારડોલીમાં ખેતીવાડીની વીજ લાઈનના તાર ચોરીના બે ગુના તથા કામરેજમાં બાઈક ચોરીનો એક ગુનો ઉકેલાયો હતો.

ગત 12-11-2025થી 6-4-2026 દરમિયાન ઉમરાખ તથા રામપુરા ગામથી અજાણ્યા ચોર ઈસમોએ દક્ષિણ ગુજરાત વીજ કંપનીની બારડોલી સબડિવિઝનમાંથી પસાર થતી 11 કેવી એજી વીજ લાઈનના અલગ અલગ વિસ્તારોના એલ્યુમિનિયમ એચટી વીજ લાઈનનો એલટી વાયર 55 સ્ક્વેર એમએમ વીજ તારો જેનું આશરે વજન 570 કિલો ગ્રામ કિંમત રૂ.1.14 લાખના વીજતારની ચોરી કરી નાસી ગયા હતા. આ ઉપરાંત મઢી સબ ડિવિઝનમાંથી પણ 2424 કિલોગ્રામ વિજતાર કિંમત રૂ.10 લાખ 22 હજાર 589 ની ચોરી થઈ હતી. બારડોલી ગ્રામ્ય પોલીસને બાતમી મળી હતી કે, રામપુરા અને ઉમરાખ ગામની સીમમાંથી રમેશ ઉર્ફે દેવા ગુજ્જર પોતાના માણસો બોલાવી એગ્રીકલ્ચર વીજ કંપનીની વીજલાઈનના એલ્યુમિનિયમના તાર કપાવી તેના બંડલો બનાવી ચોરી કરી એક ટેમ્પો નંબર જીજે 15 એએક્સ 5913માં ભરી ગામના અંતરિયાળ રસ્તાએ થઈ કામરેજ જનાર છે. જે બાતમીના આધારે પોલીસે નાકાબંધી કરી રાકેશ આસુલાલ ગુજ્જર અને નારાયણ આસુલાલ ગુજ્જર (બંને રહે., શ્યામસુંદર રેસિડેન્સી, ઉદ્યોગનગર, નવાગામ, તા. કામરેજ, મૂળ રાજસમંદ, રાજસ્થાન)ને પકડી પાડી તેમની પાસેથી તેમજ ગોડાઉન પરથી એલ્યુમિનિયમના વીજતારનો જથ્થો કબજે કર્યો હતો. આરોપીએ ચોરીમાં ઉપયોગમાં લેવાયેલી એક મોટરસાઈકલ પણ કામરેજથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે એલ્યુમીયમ વિજતાર 1270 કિલો કિંમત રૂ.3 લાખ 44 હજાર 200, ટેમ્પો કિંમત રૂ.3 લાખ, મોટર સાઈકલ કિંમત રૂ.20 હજાર અને મોબાઈલ બે કિંમત રૂ.20 હજાર મળી કુલ 6 લાખ 84 હજાર 200 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આ ગુનામાં રમેશ ઉર્ફે દેવારામ ગુજ્જર અને રોશન ચિત્તરમલ ગુજ્જરને વોન્ટેડ જાહેર કર્યા છે.

## તળાદ પાટિયા પાસે અકસ્માતમાં ઘાયલ મહિલાનું મોત

સાયણ: સુરત-ઓલપાડ રોડ પર તળાદ પાટિયા પાસે ગત ડિસેમ્બરમાં સર્જાયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા કાછબ ગામનાં માહ્યાવંશી ફળિયામાં રહેતા કાશ્મીરાબેન બીપીનભાઈ સુરતી (ઉં.વ.36)નું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પુત્ર પ્રિન્સ સાથે બાઇક નં.(જીજે-૫,ઈ.ડબ્લ્યૂ-૦૪૭૨) પર જઈ રહેલી મહિલાને ઓલા મોપેડ નં.(જીજે-૦૫,ટી.એફ-૫૫૦૫) ચાલક પ્રિયંકાબેને મહિલાએ ટક્કર મારી હતી. 5 મહિના સુધી જીવનમરણ વચ્ચે ઝઝૂમ્યા બાદ મહિલાનું મોત થતાં પરિવારમાં શોક છવાયો છે. ઓલપાડ પોલીસે મોપેડ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.